(1) સંયુકત રાષ્ટ્ર દ્વારા ''બાળ મૃત્યુ દરના સ્તર અને ટ્રેન્ડ'' સંબંધે જાહેર કરવામાં આવેલ રિપોર્ટના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) રિપોર્ટ મુજબ ભારતમાં બાળમૃત્યુ દર વર્ષ 2019માં ઘટીને 34 થયો છે.

(2) 5 વર્ષોથી ઓછી ઉંમરના બાળકોના 1/3 મૃત્યુ ભારતમાં થયા છે.

(3) 5 વર્ષથી ઓછી ઉંમરના મૃત્યુનો દર છોકરીઓ કરતા છોકરાઓમાં વધારે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર દ્વારા ''બાળ મૃત્યુ દરના સ્તર અને ટ્રેન્ડ'' રિપોર્ટ જાહેર કર્યો હતો.

⇛ આ રિપોર્ટ અનુસાર ભારતમાં બાળ મૃત્યુ દરમાં 1990 અને 2019 વચ્ચે ઘટાડો થયો છે. વર્ષ 1990માં આ સ્તર 126 હતુ અને 2019માં તે ઘટીને 34 રહી ગયું છે.

⇛ પરંતુ 5 વર્ષથી ઓછી ઉંમરના 1/3 બાળકોના મૃત્યુ એ ભારત અને નાઈજીરિયામાં થયા છે.

⇛ રિપોર્ટ મુજબ વૈશ્વિક સ્તર પર 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુની સંખ્યા 3.4 મિલિયન હતી. વર્ષ 2019માં ઘટીને તે 8,24,000 થઈગઈ છે.

⇛ ભારતમાં નવજાત મૃત્યુ દર 1990માં 57થી ઘટીને 2019 સુધીમાં 22 થયો છે.

⇛ 1990માં 5 વર્ષથી ઓછી ઉંમરના છોકરાઓનો મૃત્યુ દર 122 અને છોકરીઓમાં દર 131 હતો. વર્ષ 2019માં આ દર છોકરાઓમાં ઘટીને 34 અને છોકરીઓમાં 35 થયો છે. અર્થાત્ છોકરીઓમાં આ દર વધુ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

**(2) ફાઈવ સ્ટાર વિલેજ યોજનાના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) આ યોજના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

(2) યોજના સૌ પ્રથમ મહારાષ્ટ્રમાં લાગુ કરવામાં આવશે.

(3) યોજનાનો ઉદ્દેશ્ય એ ગ્રામીણ ક્ષેત્રમાં પોસ્ટની મુખ્ય યોજનાઓનું સાર્વભૌમિક કવરેજ કરવાનો છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પોસ્ટ વિભાગ દ્વારા ફાઈવ સ્ટાર વિલેજ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ યોજના ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં પોસ્ટની મુખ્ય યોજનાઓના સાર્વત્રિક કવરેજને સુનિશ્ચિત કરે છે.

⇛ યોજના એ સૌ પ્રથમ મહારાષ્ટ્રમાં લાગુ કરવામાં આવશે. અને પ્રત્યેક જિલ્લાના 50 ગામડાઓને 2020-2021 દરમિયાન કવર કરવામાં આવશે.

⇛ આ યોજનાને 5 ગ્રામીણ ડાક સેવકોની ટીમ દ્વારા લાગુ કરવામાં આવશે. આ ટીમનું નેતૃત્વ એ બ્રાંચ પોસ્ટ માસ્તર કરશે.

⇛ આ યોજના અંતર્ગત બધી ડાક પ્રોડક્ટ અને સેવાઓ ગ્રામીણ સ્તર પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ઓદ્યોગિક સંબંધ સંહિતા, 2019ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ સંહિતા મુજબ ટ્રેડ યુનિયનના 7 કે તેથી વધુ સદસ્યો તેને નોંધણી કરાવવા અરજી કરી શકશે.

(2) ટ્રેડ યુનિયનની ઓછામાં ઓછા 10% અથવા 200 કામદારો સાથે નોંધણી કરવામાં આવશે.

(3) સંઘ દ્વારા હડતાલો પાડવા પહેલા સૂચનાઓ આપવી ફરજિયાત છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ ઓદ્યોગિક સંબંધ સંહિતાની મુખ્ય બાબતો :

- આ સંહિતા એ ટ્રેડ યુનિયનના 7 કે તેથી વધુ સદસ્યોને ટ્રેડ યુનિયનની નોંધણી કરવાની છૂટ આપે છે.
- ટ્રેડ યુનિયનને ઓછામાં ઓછા 10% અથવા 100 શ્રમિકોની સાથે નોંધવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- નિયોક્તા (Employer)ની સાથે વાતચીત કરવા માટે એક કરાર સંઘનું ગઠન કરવામાં આવશે.
- વિભિન્ન ટ્રેડ યુનિયનોની બાબતમાં ઓછામાં ઓછા 75% શ્રમિકોની સાથે સંઘને માન્યતા આપવામાં આવશે.
- સંઘ દ્વારા હડતાલો પહેલા સૂચનાઓ આપવી જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ વાંસ કલસ્ટરના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ વાંસ કલસ્ટર એ 9 રાજ્યોમાં 22 સમૂહોમાં લોન્ચ કરવામાં આવેલ છે.

(2) આ સમૂહો અંતર્ગત સૌથી વધારે સમૂહો ગુજરાતમાં છે.

(3) વાંસનો સમાવેશ એ ભારતીય વન અધિનિયમ, 1927 મુજબ વૃક્ષમાં કરવામાં આવતો નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 4 રાજ્યોમાં 22 વાંસ સમૂહોને લોંચ કરવામાં આવ્યા હતા.

⇛ આ 9 રાજ્યોમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, આસામ, ઉત્તરાખંડ, ઓડિશા, ત્રિપુરા અને કર્ણાટકનો સમાવેશ થાય છે.

⇛ આ 22 સમૂહોમાં સૌથી વધારે સમૂહો એ મહારાષ્ટ્રમાં છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ સરકાર દ્વારા વર્ષ 2017માં વાંસને વૃક્ષની શ્રેણીથી હટાવી લીધુ હતું અને તેના માટે ભારતીય વન અધિનિયમ, 1927માં સુધારો પણ કર્યો હતો. જેનાથી વાંસનું ઉત્પાદન અને વ્યાપાર કરવો સંભવ બન્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) ‘‘ઈઝ 2.0’’ સૂચકાંકના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) સૂચકાંક અંતર્ગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બેંકમાં પ્રથમ સ્થાન એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને મળ્યું હતું.

(2) ‘‘સુધારા કરનાર’’ બેંકની શ્રેણીમાં પ્રથમ સ્થાન પર બેંક ઓફ મહારાષ્ટ્ર રહી હતી.

(3) આ સૂચકાંક એ ભારતીય બેંક સંઘ અને બોસ્ટન કંસલ્ટિંગ ગ્રુપના સહયોગથી તૈયાર કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રી દ્વારા ‘‘ઈઝ 2.0 બેંકિંગ સુધાર સૂચકાંક’’માં સારૂ પ્રદર્શન કરનાર જાહેર ક્ષેત્રની બેંકોને સમ્માનિત કરી હતી.

⇛ ઈઝ 2.0 સૂચકાંકમાં ‘‘સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બેંકો’’માં પ્રથમ 3 સ્થાનો પર બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ઓરિએંટલ બેંક ઓફ કોમર્સ રહી હતી.

⇛ ‘‘સુધારા કરનાર’’ બેંકની શ્રેણીમાં ટોચના 3 સ્થાનો પર બેંક ઓફ મહારાષ્ટ્ર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને કોર્પોરેશન બેંકનું સ્થાન રહ્યું હતું.

⇛ સૂચકાંક મુજબ માર્ચ 2019 અને માર્ચ 2020 વચ્ચે જાહેર ક્ષેત્રની બેંકોના પ્રદર્શનમાં 37%ની વૃદ્ધિ નોંધવામાં આવી છે.

⇛ આ સૂચકાંક એ ‘‘ભારતીય બેંક સંઘ’’ અને બોસ્ટન કંસલ્ટિંગ ગ્રુપ’’ના સહયોગથી તૈયાર કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT